# ઓટોરીક્ષા ચોરી કરતા રીઢા ચોરને ચોરીની ઓટોરીક્ષા સાથે પકડી પાડતી, સુરત શહેર વરાછા પોલીસ.

સુરત શહેરના વરાછા પો.સ્ટે. વિસ્તારમાં અ પડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પો.સ.ઈ. શ્રી એ.કે.દેસાઇ તથા બીજા સ્ટાફના પોલીસ માણસો પો.સ્ટે. વિસ્તારમાં અ પડત ગુનાઓ શોધી કાઢવા સારૂ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.પો.કો. વલકુભાઇ નનકાભાઇ બ.નં.૩૫૨ તથા અ.પો.કો. પ્રતાપસિંહ વિજુભા બ.નં.૬૩૬ નાઓની બાતમી હકિકત મળેલ કે એક ઇસમ ચોરી કરેલ ઓટોરીક્ષા લઇ કુબેરનગર પોપડામાં ઉભેલ છે. વિગેરે બાતમી હકિકત આધારે વરાછા કુબેરનગરના પોપડામાંથી આરોપી સર્વેસસીંગ રામક્રિપાલસીંગ રાજપુત ઉ.વ.૩૨ ધંધો-મજુરીકામ રહે.સ્વાગત કોમ્પલેક્ષની સામે બ્રીજની નીચે રીક્ષામાં ગુજરાત હાઉસીંગ બોર્ડ પાંડેસરા, સુરત મુળવતન- જરાઇખુડ, થાના-હલીયાપુર, જી.સુલતાનપુર (ઉત્તર પ્રદેશ) નાને ઓટોરીક્ષા સાથે પકડી પાડી, તેની પાસેથી એક કાળા કલરની ઓટોરીક્ષા જેનો રજીસ્ટર નંબર- GJ-05-AZ-6519 નો છે. જેની હાલની કિંમત રૂપિયા-૫૦,૦૦૦/- ની મત્તાની મળી આવેલ જે ઓટોરીક્ષા બાબતે તપાસ કરતા મળી આવેલ ઓટોરીક્ષા વરાછા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૨૧૦૦૬૦૨૦૦૨૪૪/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબનો ગુનો દાખલ થયેલ હોય, જેથી આરોપી પાસેથી મળી આવેલ ઓટોરીક્ષા તપાસ અર્થે કબ્જે કરી આરોપીને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

શોધી કાઢેલ ગુના:- (૧) વરાછા પો.સ્ટે. ગુ.ર.નં.*૧૧૨૧૦૦૬૦૨૦૦૨૪૪/*૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

આરોપીનો ગુનાહિત ઇતિહાસ:- (૧) વરાછા પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.*૬૩૧/*૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ઓટોરીક્ષા ચોરીના ગુનામાં પકડાયેલ છે.